RNI. No.GUJGUJ/2014/56392

# ક્રાઈમ કિંગ

Crime King

Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

*AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

*Year : 7 * Issue No. 46 *Date:05.03.2021 *Friday *Page :04 *Rs. 01.00 *Annual Rs. 50/-

### અમદાવાદના નવા મેયર, ડેપ્યુટી મેયરની ૧૦ માર્ચે જાહેરાત થશે

## અમદાવાદ મ્યુ.કો.ના તમામ કાઉન્સિલરોની પ્રથમ બેઠક ૧૦ માર્ચે મળશે

અમદાવાદ,તા.૪

મહાનગરપાલિકાની ચૂંટણીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. ત્યારે કોર્પોરેશનના ચૂંટાયેલા તમામ ૧૯૨ કાઉન્સિલરોની પ્રથમ બેઠક ૧૦ માર્ચ બુધવારના રોજ બોલાવી છે. કોરોના મહામારીને પગલે દાણાપીઠને બદલે પાલડી ટાગોર હોલ ખાતે બેઠક યોજાશે. દરમિયાન મેયર, ડેપ્યુટી મેયર સહિતની નિમણૂક થશે. ભાજપે અમદાવાદ કોર્પોરેશનમાં ફરી સત્તા હાંસલ કરી છે ત્યારે અમદાવાદના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી અને ટ્રાન્સપોર્ટ કમિટીના સભ્યોની નિમણૂક માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ચૂંટાયેલા તમામ ૧૯૨ કાઉન્સિલરોની પ્રથમ બેઠક ૧૦ માર્ચ બુધવારના રોજ બોલાવી છે. સામાન્ય રીતે બેઠક એટલે કે પ્રથમ બોર્ડ મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્યાલય દાણાપીઠ ખાતે મળતું હોય છે પરંતુ કોરોના સંક્રમણના કારણે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે હેતુથી પાલડી ટાગોર હોલ ખાતે બોલાવવામાં આવી છે. બુધવારે સવારે ૧૧ કલાકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર મુકેશકુમાર ની હાજરીમાં મળનારી આ બેઠકમાં ૪૮ વોર્ડના ચૂંટાયેલા તમામ ૧૯૨ કાઉન્સિરો હાજર રહેશે. તેમની હાજરીમાં મેયર અને ડેપ્યુટી મેયરની જાહેરાત કરવામાં આવશે. ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટી અને તેના ચેરમેન, ટ્રાન્સપોર્ટ કમિટીના ૮ સભ્યોની પણ જાહેરાત કરવામાં આવશે. તમામ કાઉન્સિલરોને હાજર રહેવા મ્યુનિસિપલ સેક્રેટરી દ્વારા જાણ કરી દેવામાં આવી છે.

## સુરતમાં ૨૦ રૂપિયા માટે મિત્રએ બીજા મિત્રની હત્યા કરી નાંખતા ચકચાર મચી

સુરત,તા.૪

સુરત શહેરમાં દિવસ ઊગે અને હત્યાનો બનાવ બને છે. શહેરમાં હત્યાના બનાવોમાં સતત વધારાને પગલે પોલીસ દોડતી થઈ છે. શહેરમાં હત્યાની વધુ એક ઘટના બની છે. મળતી માહિતી પ્રમાણે ૨૦ રૂપિયાની લેતીદેતીમાં યુવાનની હત્યા કરી દેવામાં આવી છે. ઓડિશાના હમ વતની બે યુવાનો સાથે દારૂ પીધા બાદ ૨૦ રૂપિયાની લેતીદેતીમાં ઝઘડો કર્યો હતો. ઝઘડા દરમિયાન નશાની હાલતમાં એક યુવાને બીજા યુવાનને પહેલા માળેથી ધક્કો મારી દેતા તે નીચે પટકયો હતો અને મોત થયું હતું. આ કેસમાં પોલીસે દારૂના નશામાં યુવાનને ધક્કો મારનાર યુવકની ધરપકડ કરી લીધી છે.

સુરત જાણે કે ક્રાઈમ કેપિટલ બની રહ્યું હોય તેવા બનાવો દરરોજ સામે આવતા રહે છે. હવે સુરત શહેરમાં માત્ર ૨૦ રૂપિયા માટે હત્યા કરવામાં આવી છે. સુરતના સચિન ખાતે આવેલા પાલી ગામમાં ડૉક્ટર રાજેન્દ્રની ચાલમાં કેટલાક યુવાનો રહેતા હતા અને મિલમાં મજૂરી કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક મદદ કરતા હતા. જેમાંથી મોટાભાગના યુવાનો ઓડિશાના છે.



જેમાં બબલુ ગૌડા તેના પડોશમાં રહેતા ઉત્તામ ધનંજય મોહંતી બંને દારૂ પીવા માટે બેઠો હતો. દારૂ પીને આ બંને યુવાન વચ્ચે રૂપિયા ૨૦ની લેતીદેતી બાબતે ઝઘડો શરુ થયો હતો. જોત જોતામાં ઝઘડાએ એટલું ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે ઉત્તમે પહેલા માળેથી બબલુને ધક્કો મારી દીધી હતો.

નીચે પડવાને કારણે બબલુના શરીરમાં ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજા બાદ તેને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી અને હત્યાનો ગુનો નોંધીને મૃતકના મિત્ર એવા ઉત્તામ ધનંજય મોહંતીની ધરપકડ કરી હતી.

## ગાંધીનગરમાં પત્નિ સાથે મોર્નિંગ વોકમાં નીકળેલા પીએસઆઈનું હાર્ટ-એટેકથી મોત

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે ફરજ બજાવતા વાયરલેસ પી.એસ.આઇ જીતેન્દ્રસિંહ રાણાનું આજે વહેલી સવારે મોર્નિંગ વોક દરમિયાન હાર્ટ એટેકના કારણે અકાળે અવસાન થયું હતું. ગાંધીનગર સેક્ટર-૨૭ એસ.આર.પી ગાર્ડનમાં પત્ની સાથે મોર્નિંગ વોક માટે નીકળેલ પી.એસ.આઈને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. અકાળે નાની ઉંમરમાં પી.એસ.આઈનું અવસાન થતા પોલીસબેડામાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવની જાણ થતા ધારાસભ્ય કિરીટસિંહ રાણા, જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા તેમજ અમદાવાદ ક્રાઈમ ડી.પી.ચુડાસમા સહિતના ઉચ્ચ અધિકારીઓ ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. મૂળ સુરેન્દ્રનગર



લીમડીના ૪૫ વર્ષીય જીતેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ રાણા ગાંધીનગરના સેક્ટર-૨૭ પોલીસ લાઈનમાં પત્ની આશાબા તેમજ બે સંતાનો સાથે રહેતા હતા. એ.એસ.આઈમાંથી પ્રમોશન મેળવી પી.એસ.આઇ બનેલા જીતેન્દ્રસિંહ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે વાયરલેસ પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા. આજે વહેલી સવારે નિત્યક્રમ મુજબ જીતેન્દ્રસિંહ અને તેમના પત્ની આશાબા સાથે એસ.આર.પી ગાર્ડનમાં મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. થોડીવાર ચાલ્યા બાદ જીતેન્દ્રસિંહને અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો હતો. જેના કારણે તેઓ જમીન પર ઢળી પડ્યા હતા અને મોઢામાંથી ફીણ નીકળી ગયું હતું. તે અરસામાં ગાર્ડનમાં મોર્નિંગ વોક કરતા આસપાસનાં પોલીસ કર્મચારીઓ દોડી આવ્યા હતા.

## દોહિત્રી પ્રત્યેનો નાની પ્રેમ માતા-પિતાનું સ્થાન ન લઈ શકે: બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,તા.૪

બોમ્બે હાઈકોર્ટે નાસિકની એક ૧૨ વર્ષની બાળકીની કસ્ટડીનો ચુકાદો આપતાં કહ્યું કે, નાનીનો તેની દોહિત્રી માટે વિશેષ પ્રેમ હોય છે, પરંતુ તે પ્રેમ તેના માતા-પિતાનું સ્થાન ન લઈ શકે. આ સાથે કોર્ટે બાળકીની કસ્ટડી તેના માતાપિતાને આપી હતી. નાસિકના એક દંપતીએ આ વર્ષની શરૂઆતમાં હાઈ કોર્ટની શરણ લીધી હતી. દંપતીએ બાળકીને પોતાની સાથે લઈ જવા માટે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. તેમણે કોર્ટમાં જણાવ્યું કે બાળકીની માતાની તબિયત વધુ ખરાબ થઈ ગઈ હતી. ડોક્ટરે સંપૂર્ણ બેડરેસ્ટની સલાહ આપી હતી. તેથી ૨૦૧૯માં તે પોતાની બાળકીને લઈને થોડા સમય માટે પોતાની માતાના ઘરે નાસિક ગઈ હતી.

દંપતિ થોડાક સમય પછી પોતાની બાળકીને પુણેથી પરત લેવા માટે નાસિક પહોંચ્યા હતા, ત્યાકે



તેની નાનીએ તે બાળકીનો સોંપવાની ધરાર ના પાડી દીધી હતી. એટલું જ નહી નાનીએ આ બાળકીને પોતાની પાસે રાખવા માટે પોલીસ અને બાળકલ્યાણ સમિતિની પણ મદદ લીધી હતી, નાનીએ પોલીસ અને બાળકલ્યાણ સમિતિને જણાવ્યું કે બાળકીના માતા-પિતા વચ્ચે વૈવાહિક સંબધ સામાન્ય નથી, જે ૧૨ વર્ષીય બાળકીના કુમળા માનસ પર ખરાબ અસર કરી રહી છે. અને આ બાળકી માટે સારું નથી. તેથી આવી પરિસસ્થિતિમાં બાળકી તેની નાની પાસે રહે તે દ સારું છે. આ પછી બાળકીની કસ્ટડી માટે દંપતિએ અદાલતના દરવાજા ખખડાવ્યા છે.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાત ભલે વિકાસ મામલે ગતિ કરી રહ્યું હોય, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાત પણ દેવાદાર છે. ગુજરાતના માથે કરોડોનું દેવુ છે. વર્ષ ૨૦૧૯- ૨૦ સુધી ગુજરાત પર રૂ. ૨,૬૭,૬૫૦ કરોડનું દેવું થઈ ગયું છે. વિવિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે લેખિતમાં કબૂલાત કરી હતી. તો સાથે એ માહિતી પણ અપાઈ કે, લોન પર સૌથી વધુ વ્યાજ કેન્દ્રીય દેવા પાછળ ચૂકવાય છે. તો ૩૧ માર્ચ ૨૦૨૧ ના ફાઈનાન્શિયલ વર્ષ પછી ગુજરાતનું દેવુ વધીને ૩,૦૦,૯૫૯ કરોડ પર પહોંચી જશે. તો બે વર્ષ બાદ ૨૦૨૩-૨૪ સુધીમાં આ રકમ ૪,૧૦,૯૮૯ કરોડ પર પહોંચી જવાની શક્યતા છે. બે વર્ષમાં ગુજરાતના માથા પરના દેવાની રકમ વધી ગઈ છે. નાણાંકીય સંસ્થાઓની લોન માટે ૩.૧૫થી ૮.૭૫ ટકા વ્યાજ ચૂકવાય છે. બજાર લોન માટે ૬.૬૮થી ૯.૭૫ ટકા વ્યાજ ચૂકવાય છે. કેન્દ્રીય દેવા માટે ૦થી ૧૩ ટકા વ્યાજ ચૂકવાય છે. તો એનએસએસએફ લોન માટે ૯.૫૦થી ૧૦.૫૦ ટકા વ્યાજ ચૂકવાય છે. ગુજરાતના માથા પર આટલુ દેવુ કેવી રીતે વધ્યુ તે વિશે જાણીએ તો, મોટાભાગનું દેવુ એક જ વર્ષમાં થયું છે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં કેન્દ્ર પાસેથી લીધેલી લોન, બજાર લોન, પાવર બોન્ડ રૂપે તેમજ નાણાંકીય સંસ્થાઓ તથા બેંકો પાસેથઈ લીધેલી લોન અંતર્ગત આ રૂપિયા વધ્યા છે. ગાંધીનગર ગુજરાત વિધાનસભા પ્રશ્નોત્તરી દરમિયાન ગુજરાતે અન્ય રાજ્યો પાસેથી કેટલા રૂપિયા લેવાના બાકી છે તે માહિતી પણ મળી હતી. ગુજરાત સરકારે સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે કરોડો રૂપિયા પડોશી રાજ્યો પાસેથી લેવાના બાકી છે. જે મુજબ, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ની સ્થિતિએ મધ્યપ્રદેશ પાસેથી ૪૭૬૪.૩૫ કરોડ રૂપિયા લેવાના બાકી છે. મહારાષ્ટ્ર પાસેથી ૧૬૨૭.૬૬ કરોડ અને રાજસ્થાન પાસેથી ૫૪૨.૧૮ કરોડ રૂપિયા લેવાના બાકી છે. આમ, કુલ ૬૯૩૪.૧૯ કરોડ રૂપિયા ગુજરાતે ત્રણ પાડોશી રાજ્યો પાસેથી લેવાના બાકી છે.

# તું કાળી છે તને કોણ રાખે તેમ કહી પતિ મહિલાને ત્રાસ આપતો: પોલીસ ફરિયાદ




અમદાવાદ,તા.૪

છેલ્લા કેટલાક સમયથી તેમાં પણ કોરોનાના લોકડાઉન બાદ ઘરેલુ હિંસાના બનાવોએ જાણે કે માજા મૂકી હોય તેમ લાગી રહ્યું છે. રોજ બરોજ દહેજ, પુત્રની ઘેલછા કે પછી અન્ય કારણોસર મહિલા પર અત્યાચારના અનેક બનાવો સામે આવે છે. ત્યારે આવો વધુ એક બનાવ શહેર માં જોવા મળ્યો છે. શહેરના સીટીએમ વિસ્તારમાં રહેતી મહિલાને તેનો પતિ તથા સાસરીયા તું કાળી છે તને કોણ રાખે તેમ કહીને ત્રાસ આપતા મહિલાએ પતિ અને સાસરીયા વિરુદ્ધ શારીરીક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે.

હાલમાં સીટીએમ વિસ્તારમાં રહેતી મહિલા ૩૪ વર્ષીય મહિલાના લગ્ન સામાજિક રીતરિવાજ મુજબ થયા હતા. લગ્નની શરૂ આતમાં તેને સારી રીતે રાખ્યા બાદ બે માસ પછી તેના પતિ તથા સાસુ સસરાએ ઘરકામ બાબતે તેને હેરાન કરવાનુ શરૂ કર્યુ હતુ.

મહિલા પરિવારને મદદ કરવા માટે નોકરી કરતી હતી. પરંતુ તેનો પતિ આખો પગાર લઈ લેતો હતો. દરમિયાન મહિલાએ દિકરાને જન્મ આપ્યો હતો, આ સંજોગોમાં તેને બાળકની જવાબદારી હોવા છંતા પતિ દ્વારા નોકરી કરવા બળજબરી કરવામાં આવતી હતી.

આ બાબતે સાસુ સસરાને વાત કરતા તેઓ પણ કહેતા હતા કે તુ કાળી છે તને કોણ રાખે તારે તો સહન કરવું પડશે તેમ કહી પરેશાન કરતા હતા. મહિલાનો પતિ અલગ અલગ નંબર પર વાત કરતો હોવાથી આ બાબતે મહિલા એ વાત કરતા તેને બિભત્સ ગાળો બોલી માર મારતો હતો.

આ સ્થિતમાં કંટાળી ગયેલી મહિલાને સાસરીયાઓએ ઘરમાંથી ધકકા મારી કાઢી મુકતા તેણે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં પતિ સાસુ અને સસરા વિરુદ્ધ શારીરીક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. હાલમાં પોલીસે આ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટ રક્તરંજિત: ગાળ આપનારને પથ્થરના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારાયો



રાજકોટ,તા.૪

આમ તો રાજકોટ રંગીલું શહેર છે, પરંતુ અહીં તાકીને સામે જોવા જેવી સામાન્ય બાબતે પણ હત્યા થયાના બનાવો બન્યા છે. સામાન્ય બોલાચાલીમાં હત્યા થઈ ગઈ હોય એવા બનાવો પણ અસંખ્ય બન્યા છે. કહેવાય છે કે અહીંના લોકો રંગીન મિજાજી છે પરંતુ તેમનો પારો ક્ષણવારમાં ૧૦૦ ડીગ્રી ઉપર પહોંચી જાય છે! શહેરમાં ચૂંટણીનો માહોલ પૂર્ણ થતાં રાજકોટ શહેરમાં હત્યાના બનાવો શરૂ થઈ ગયા છે. અહીં ગાળ દેવા જેવી બાબતે એક વ્યક્તિની હત્યા કરી નાખવામાં આવી છે. આ કેસમાં ગણતરીની જ કલાકોમાં ક્રાઈમ બ્રાન્ચે હત્યાના આરોપીઓને ઝડપી લીધો છે.

રાજકોટ શહેરની એ ડિવિઝન પોલીસને જાણકારી મળી હતી કે, સિવિલ હોસ્પિટલ ચોકમાં ઓવરબ્રિજ બની રહ્યો છે તે જગ્યાએ એક અજાણ્યા વ્યક્તિની હત્યા કરાયેલી હાલતમાં લાશ પડી છે. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક અસરથી એ ડિવિઝન પોલીસ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ તેમજ એસ.ઓ.જીનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. રાજકોટ શહેરના સિવિલ હૉસ્પિટલ ચોકમાં ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું છે. એ જ જગ્યાએ હત્યાનો બનાવ બન્યાનું સામે આવ્યુ છે. કાળુભાઈ પરમાર નામના શખ્સના માથામાં પથ્થરના ઘા ઝીંકી હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. બનાવના પગલે એ.ડિવિઝન પોલીસ સહિતનો કાફલો દોડી ગયો હતો.

આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં મરણ જનાર અને આરોપીઓ વચ્ચે કોઈ કારણોસર ગાળાગાળી થઈ હતી, જેના કારણે આરોપીઓ ઉશ્કેરાઈ જતા મરણ જનારના માથામાં પથ્થરના ઘા ઝીંકી તેની હત્યા નીપજાવી હતી. સમગ્ર મામલે પોલીસ દ્વારા પંચનામાની કાર્યવાહી કરી મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પીએમ રૂમમાં ખસેડવામાં આવી છે.

# રાજયપાલ દેવવ્રતે ગાંધીનગર સિવિલ ખાતે કોરોના રસી લીધી



ગાંધીનગર,તા.૪

ગુજરાત સહીત સમગ્ર દેશમાં કોરોના રસીનો બીજો તબક્કો શરુ થી ગયો છે. જેમાં ૬૦ વર્ષથી ઉપરની વય જૂથના લોકોને રસી આપવામાં આવી રહી છે. ત્યારે આજરોજ ગુજરાત રાજ્યના રાજ્યપાલે રસી મુકવી છે. તેમને જણાવ્યું હતું કે, મેં આજે કોરોનાની રસી મુકવી છે.

હું લોકો ને અપીલ કરું છું કે બધા પોતાનો વાર આવે ત્યારે કોરોના રસી અવશ્ય મુકાવે. જેથી આપણે બધા સુરક્ષિત રહીએ.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, મેં રસી લીધી છે. અને તેની કોઈ આડઅસર થઈ નથી. મારો આગ્રહ છે કે કોરોના થી મુક્તિ પામવા તમામે રસી લગાવવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે હાલમાં ચાલી રહેલા રસીકરણના બીજા તબક્કામાં રાજયપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના રસી મુકવી છે. આજે બપોર બાદ તેમને હૉસ્પિટલ પહોચી રસી મુકાવી છે. બપોરે તેઓ ભાવનગરથી પરત આવ્યા હતા અને સીધા જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ વકેસીન લેવા માટે પહોચ્યા હતા.

# મોરબીમાં પત્નિએ પ્રેમી સાથે મળી પતિને માર મારી મોતને ઘાટ ઉતાર્યો



મોરબી,તા.૪

મોરબીમાં પત્નીએ પ્રેમી સાથે મળીને પતિને માર મારીને મોતને ઘાટ ઉતારી દઈ લાશ દફનાવી દેતા ચકચાર મચી ગઈ છે. મોરબીના ક્રાંતિનગર ગામે જમીનમાં દાડી દીધેલી હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવની જાણ થતાં બી ડિવિઝન પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈને યુવાનના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડી આ બનાવ અંગે તપાસ હાથ ધરી હતી.

પોલીસની તપાસમાં મૃતક મોરબીના કબીર ટેકરી વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ અંગે ચણીયા હોવાની ઓળખ મળી હતી અને આ યુવાનની હત્યા થયાનું ખૂલ્યું હતું. આથી મૃતકના કબીર ટેકરી વિસ્તારમાં રહેતા બહેન સુનિતાબેન સંજયભાઈ કોળીએ આ હત્યાના બનાવની બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ મૃતક શૈલેષભાઈ અંગે ચણીયાના પત્ની યાસ્મીનબેન ઉર્ફે આરતી શૈલેષભાઈ અંગે ચણીયાને મોરબીના ક્રાંતિનગર ગામે રહેતા જુમાં સાંજણ માજોઠી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. આથી યાસ્મીન ઉર્ફે આરતી શૈલેષભાઈ અંગેચણીયા તેમના પતિનું ઘર છોડીને જુમાં સાંજણ માજોઠી સાથે ઘર માંડીને રહેવા લાગ્યા હતા.

આ બાબત તેના પતિ શૈલેષભાઈને મનદુ:ખ લાગતા આ વાતનો ખાર રાખીને પત્નીએ તેમને ગત તા. ૨૭ના રોજ ક્રાંતિનગર ગામે રહેતા જુમાં સાંજણ માજોઠીના ઘરે બોલાવ્યા હતા, જ્યાં દગો કરીને પત્ની યાસ્મીન અને તેના પ્રેમી જુમાં સાંજણ માજોઢીએ સાથે મળીને પતિ શૈલેષભાઈને માર મારીને હત્યા કરી નાંખી હતી અને તેમની લાશને જુમાં સાંજણ માજોઠીના ઘર પાછળ જમીનમાં ખાડો ખોદીને દાટી દીધી હતી.

બી ડિવિઝન પોલીસે આ બનાવની ફરિયાદના આધારે પત્ની અને પ્રેમી સાથે હત્યાનો ગુનો નોંધી આ બન્ને આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# ફાડદંગ ગામે તસ્કરો ત્રાટક્યા: મેલડી માતાજીના મંદિરમાંથી પેટીની ઊઠાંતરી

રાજકોટ,તા.૪

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક સ્થળોએ ચોરીના બનાવો વધી રહ્યાં છે. ત્યારે તસ્કરોની ટોળકીએ વધુ એક મંદિરને નિશાન બનાવ્યાનો બનાવ સામે આવ્યો છે. રાજકોટ પાસે આવેલા ફાડદંગ ગામે વાધાવાળા મેલડી માતાજીના મંદિરમાં અજાણ્યાં ચાર શખ્સોએ ચોરી કરી છે. આ સમગ્ર ઘટના ઝઝૂફમાં કેદ થઈ છે. જેના આધારે પોલીસે તજવીજ હાથ ધરી છે. ચાર શખ્સો દાનપેટી ઢસડીને લઈ જતા હોવાના દ્રશ્યો CCTVમાં કેદ થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ પાસે આવેલા ફાડદંગ ગામમાં મોડી રાત્રે ચાર તસ્કરોનું ટોળું વાધાવાળા મેલડી માતાજીના મંદિરમાં ત્રાટક્યું હતું. સૌપ્રથમ તસ્કરોએ મંદિરના લોખંડના દરવાજા પર લાગેલા તાળાને તીક્ષ્ણ હથિયાર વડે તોડીને મંદિરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તસ્કરોએ મંદિરમાં ત્રાટકી માતાજીના ચાંદીના છત્ર, દાગીના તેમજ રોકડ રકમના મુદ્દામાલની ચોરી કરતા ઝઝૂફમાં દ્રશ્યમાન થાય છે. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. ચોરીના બનાવનો ભેદ ઉકેલવા મંદિરમાં રહેલા ઝઝૂફ કેમેરા તપાસ્યા હતા. જેમાં મોડી રાતે ૧ વાગ્યાના અરસામાં મોઢે ફાળિયું બાંધેલા ચાર શખ્સો દાનપેટી ઢસડીને લઈ જતા હોવાના દ્રશ્યો કેદ થયા છે. જેના આધારે મંદિર ચોરી કરવાની ટેવ ધરાવતા નિશાચરોને ચેક કરવા તજવીજ હાથ ધરી છે. મંદિરમાં ચોરી કરનાર તસ્કર પકડાય જવાની સંભાવના પોલીસ અધિકારીએ વ્યક્ત કરી છે.

# દેશનાં લોકોને કોરોનાની રસી લગાવવામાં આવતી નથી અને સરકાર તેને દાનમાં આપી રહી છે

## દિલ્હી હાઈકોર્ટે સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા તથા ભારત બાયોટેકને પણ નોટીસ ફટકારી

ન્યુ દિલ્હી,તા.૪

દિલ્હી હાઈકોર્ટે આજે એક અરજીની સુનાવણી કરતા સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા તથા ભારત બાયોટેકને કોવિશીલ્ડ અને કોવૈક્સીન રસી અંગે પોતાની નિર્માણ ક્ષમતાનો ખુલાસો કરવાની હુકમ આપ્યો છે, તે સાથે જ કોર્ટે કોવિડની રસી બહાર મોકલવા અંગે કડક ટીપ્પણી કરી છે.

કોર્ટે કહ્યું કોવિડ-૧૯ રસી દાનમાં આપવામાં આવી રહી છે, અન્ય દેશોને વેચવામાં આવી રહી છે, પોતાના લોકોનું રસીકરણ કરવામાં આવતું નથી, અતિ જરૂરીની ભાવના અપેક્ષિત છે.

હાઈકોર્ટે કેન્દ્રને હાલ કોવિડ-૧૯ રસીકરણ માટે વ્યક્તિઓનાં વર્ગ પર સખત નિયંત્રણ રાખવાનાં તર્ક અંગે પુછ્યું છે, એટલું જ નહીં, દિલ્હી હાઈકોર્ટે દિલ્હી સરકારને પણ કહ્યું તે કોર્ટ પરિસરોમાં ચિકિત્સા કેન્દ્રોનું નિરિક્ષણ કરે અને બતાવે કે શું ત્યાં કોવિડ-૧૯ રસીકરણ કેન્દ્ર સ્થાપિત કરવાની સંભાવના છે.

ન્યાયાધીશ વિપિન સાંઘી અને ન્યાયમૂર્તિ રેખા પલ્લીની બેંચે કહ્યું કે બંને સંસ્થાઓ સીરમ તથા ભારત બાયોટેકની પાસે મોટી સંખ્યામાં રસી પુરી પાડવાની ક્ષમતા છે, પરંતુ એવું લાગે છે કે તે તેનો સંપુર્ણ ફાયદો ઉઠાવી રહી નથી.

બેન્ચે કહ્યું આપણે તેનો સંપુર્ણ રીતે ઉપયોગ કરી રહ્યા નથી, આપણે ક્યાં તો તેને દાન કરી રહ્યા છિએ, અથવા તો તેને વેચી રહ્યા છિએ, અને પોતાના લોકોને રસી આપી રહ્યા નથી, આ મામલમાં જવાબદાર લોકોમાં જવાબદારી અને તાત્કાલિક્તાની ભાવના હોવી જોઈએ.

હાઈકોર્ટ દિલ્હી બાર કાઉન્સિલની એક અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં ન્યાયાધિશો, અદાલતનો સ્ટાફ અને વકીલો સહિત ન્યાય પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ ફ્રન્ટ લાઈન વર્કર્સને વર્ગીકૃત કરવાની માંગ કરવામાં આવી રહી છે.

# સુરત-વડોદરાની સ્કૂલમાં ૧૦ વિદ્યાર્થી કોરોના સંક્રમિત, વાલીઓમાં ફફડાટ




સુરત,તા.૪

રાજ્યમાં કોરોના સંક્રમણ ફરી વધી રહ્યું છે. શાળાના કેટલાક વર્ગો શરૂ કરવામાં આવતા કેટલાક વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. સુરત અને વડોદરાની શાળામાં ૧૦ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થતા વાલીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. સુરતના વરાછા અને લિંબાયત વિસ્તારની શાળા તેમજ વડોદરામાં આનંદ વિદ્યા વિહાર સ્કૂલના વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવ્યા છે. હવે વાલીઓમાં ડર ફેલાયો છે કે. વિદ્યાર્થીઓને સ્કૂલમાં મોકલવા કે ના મોકલવા, વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ થાય તો જવાબદારી કોની.

સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના સંક્રમણનું પ્રમાણ વધી રહ્યુ છે. કોરોનાના કપરા કાળમાં સતત કેસની સંખ્યા વધતાસુરત મહાનગરપાલિકા દ્વારા રેપિડ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા સ્કૂલના કેટલાક વર્ગ શરૂ કરવામાં આવ્યા છે. સુરતની વરાછા સહિત લિંબાયતની શાળાના કુલ ૭ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયા છે. વરાછા વિસ્તારમાં આવેલી કૈલાશ વિદ્યાલયના ધોરણ ૭ના ૫ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયા છે જેને કારણે ધોરણ ૭નો એક વર્ગ બંધ કરવામાં આવ્યો છે. બીજી તરફ લિંબાયતની શાળામાંથી બે વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવ્યા છે. લિંબાયતની ૧૩ શાળા-કોલેજોમાં શિક્ષક-વિદ્યાર્થીઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કુલ ૫૩૩ શિક્ષક અને વિદ્યાર્થીનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાંથી બે વિદ્યાર્થી પોઝિટિવ આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

સુરતમાં સ્કૂલની સાથે સાથે વેપારીઓનું પણ કોરોના ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યુ છે. ખાસ કરીને મુંબઈથી આવતા લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યુ છે. કોરોના ટેસ્ટિંગ કરવામાં આવતા સુરત શહેરમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. વડોદરામાં સ્કૂલમાં ૩ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ થયા છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલી આનંદ વિદ્યા વિહાર સ્કૂલના ૩ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયા છે. ૩ વિદ્યાર્થીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા સ્કૂલને એક અઠવાડિયા માટે બંધ કરવામાં આવી છે.

# જામનગરમાં પ્રેમી પંખીડાનો આપઘાત, ઝાડ પર સાથે લટકતી હાલતમાં લાશ મળી



જામનગર,તા.૪

જામનગર સમાણા હાઈવે પર રણજીત સાગર ડેમ નજીક અવાવરું જગ્યાએ યુવક-યુવતીના શંકાસ્પદ હાલતમાં ઝાડમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધાની ઘટના ઘટી હતી. આ ઘટનાને લઈને વટેમાર્ગુઓના ટોળા અહીં એકત્રિત થઈ ગયા હતા. આ ઘટનાને પગલે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને નીચે ઉતારી તપાસ હાથ ધરી હતી. મૃતદેહ નજીકથી પોલીસને એક બાઈક પણ મળી આવ્યું છે. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરતા બંને મૃતક યુવક અને યુવતી જામનગરના દરેડ વિસ્તારમાં આવેલા કારખાનામાં સાથે કામ કરતા હતા તેવું સામે આવ્યુ હતું. જામનગર ગ્રામ્યના ડીવાયએસપી કૃણાલ દેસાઈના જણાવ્યા અનુસાર બંને દરેડ જીઆઈડીસી વિસ્તારના એક જ કારખાનામાં સાથે કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે. મૃતક યુવતી જામનગરની ભાગોળે આવેલા દરેડ ગામે રહેતી હોવાનું સામે આવ્યું છે. અને તેનું નામ ક્રિષ્ના હોવાનું જાણવા મળ્યું છે. ૧૭ વર્ષીય ક્રિષ્ના નામની યુવતી સાથે ૨૨ વર્ષીય સંજય પઢીયાર નામના યુવકનો પણ મૃતદેહ મળી આવ્યો છે. સંજય પઢીયાર સમાણા રોડ પર આવેલા પીપરટોડા ગામનો વતની હોવાનું સામે આવ્યું છે. ત્યારે પ્રાથમિક તબક્કે સંજય અને ક્રિષ્ના વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું પણ સામે આવ્યું છે. જેથી પ્રેમસંબંધને કારણે આ પગલું ભર્યુ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યુ છે. પોલીસે યુવક અને યુવતીના મૃતદેહોને જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# કપાસીયા અને સીંગતેલના છૂટક ભાવોમાં ખૂબ નજીવો ભાવ વધારો થયો છે: જયેશ રાદડિયા

## બે વર્ષના ૭ લાખ મેટ્રીક ટન મગફળી રૂ.૧૧૦૦ના ભાવે ખેડૂતો પાસેથી ખરીદી રૂ.૪ હજાર કરોડ



ગાંધીનગર,તા.૪


નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રાજ્યમાં ખાદ્યતેલના વધતા જતા ભાવો સંદર્ભે ખેડૂતોને મળતી રકમ અંગે જણાવ્યું કે કોઈપણ ઉત્પાદનને ટેકાના ભાવે ખરીદીનું કાર્ય કેન્દ્ર સરકાર મારફતે થાય છે. ચાલુ વર્ષે મગફળીનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થતા કેન્દ્ર સરકારે નિકાસની પરવાનગી આપી છે. પરિણામે ટેકાના ભાવ કરતા ખુલ્લા બજારમાં ખેડૂતોને વધુ ભાવો મળ્યા છે અને પરિણામે મગફળી વાવેતર કરતા ખેડૂતોને આર્થિક વધુ લાભ થયો છે. આ અંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડીયાએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ૭ લાખ મેટ્રિક ટન મગફળી રૂા.૧૧૦૦ના ભાવે ખરીદી ખેડૂતોને રૂા.ચાર હજાર કરોડ ચૂકવવામાં આવ્યા છે.

રાજ્યમાં ખાદ્યતેલના વધતા જતા ભાવોના અંકુશ બાબતે મંત્રીએ જણાવ્યું કે, જાન્યુઆરી ૨૦૧૯ થી ડિસેમ્બર ૨૦૧૯માં કપાસીયા અને સીંગતેલના છૂટક ભાવોમાં ખૂબ નજીવો ભાવ વધારો થયો છે. જ્યારે કોવિડ-૧૯ સમયગાળામાં પરિવહન-મજૂરીની ઓછી ઉપલબ્ધતાના કારણે ભાવો પર અસર થઈ ગઈ છે.

સીંગતેલ અને કપાસીયા તેલના ભાવો અંકુશમાં રાખવા ભારત સરકારના જરૂરી સૂચના બહાર પાડવામાં આવી છે. એટલું જ નહી રાજ્ય સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષમાં બે વખત બી.પી.એલ અને અંત્યોદય રેશનકાર્ડ ધારકોને યુક્ત વર્તમાન ભાવથી નીચા દરે કાર્ડ દીઠ ૧ લીટર પ્રમાણે વિતરણ કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૧૯ દરમિયાન અંદાજિત કુલ ૬૬.૫૫ લાખ પાઉચ તેમજ વર્ષ દરમિયાન ૭૫.૩૦ પાઉચનું વિતરણ કરવામાં આવ્યું છે.

## ફાયર વિભાગનો સપાટો

# સુરતમાં ફાયર સેફ્ટીની બેદરકારી બદલ ૩૨ હોસ્પિટલો સીલ કરી દેવાઈ



સુરત,તા.૪

સુરત શહેરમાં સતત બીજા દિવસે ફાયર વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફાયર સેફટી નો અભાવ હોય તેવી હોસ્પિટલો અને કોમ્પલેકસની દુકાનોમાં સીલ કરવાની કામગીરી મોટા પાયે શરૂ કરવામાં આવી હતી. જેને લઈને શહેરભરમાં ફફડાટ ફેલાયો છે. અગાઉ નોટિસ ફાયરબ્રિગેડ દ્વારા અપાઈ હોવા છતાં ફાયર સેફટીના મુદ્દે કોઈ કામગીરી ન કરનારી ૩૨ જેટલી હોસ્પિટલ, દુકાનો સહિતના કોમ્પ્લેકસને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ફાયર વિભાગે અલગ-અલગ વિસ્તારોના ફાયર સ્ટેશનના અધિકારીઓ અને સુચના આપી હતી કે, તેમના વિસ્તારમાં જે પણ હોસ્પિટલો હોય તે હોસ્પિટલોની તપાસ કરવામાં આવે અને જ્યાં ફાયરસેફટી નો અભાવ દેખાય તે હોસ્પિટલોને તાત્કાલિક અસરથી સીલ મારવાની કામગીરી કરવામાં આવે. જેને ધ્યાનમાં રાખીને આજે વહેલી સવારથી જ ફાયર વિભાગની અલગ અલગ ટીમ વિવિધ વિસ્તારોમાં જઈને ફાયર સેફટીની સુવિધાનો અભાવ જોવા મળ્યો હતો.તે હોસ્પિટલોને સીલ કરવાની કામગીરી શરૂ કરી હતી.

ફાયર વિભાગે આજે વહેલી સવારે ૩૨ જેટલી હોસ્પિટલો અને સીલ કરવાની કામગીરી કરી હતી. જે હોસ્પિટલોની અંદર ફાયર સેફટીનો અભાવ હતો. તે હોસ્પિટલોને અગાઉ પણ નોટિસ આપવામાં આવી હતી.

ફાયર વિભાગે નોટિસમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો કે, હોસ્પિટલના સંચાલકોએ તાત્કાલિક અસરથી ફાયર સેફટીની વ્યવસ્થા પૂર્ણ કરવી જોઈએ. ઘણી એવી હોસ્પિટલ હતી કે, જ્યાં ફાયર સેફટીના સાધનો હતા, પરંતુ તે આગ લાગે ત્યારે તેને યુઝમાં આવી શકવામાં સક્ષમ ન હતા તેવું પણ જાણવા મળ્યું હતું. આવી હોસ્પિટલોને પણ ફાયર વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી હોવા છતાં તેમણે ફાયર સેફટીની પૂર્ણ સુવિધા ઉભી કરી ન હતી. ફાયર વિભાગે એવી તમામ હોસ્પિટલોને સીલ મારવાની કામગીરી કરી હતી.

## ગુજરાત હાઈકોર્ટની રાજ્ય સરકારને ફિટકાર

# ફાયર સેફટી નહીં હોય તેવી શાળાઓની મંજૂરી રદ કરાશે



અમદાવાદ,તા.૪

રાજ્યમાં હજી પણ ક્યાંક ક્યાંક ફાયર સેફટીનો અભાવ છે જેના લીધે અવારનવાર ક્યાંક ને ક્યાંક આગની ઘટનાઓ ઘટતી રહે છે. એવામાં ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું કે, 'રાજ્યની તમામ શાળાઓમાં ફાયર સેફટી હોવી જરૂરી છે. રાજ્યમાં હજુ પણ ૫૧૯૯ શાળાઓમાં ફાયર સેફટી નથી. શાળાઓમાં બાળકો, શિક્ષકો અને સ્ટાફ માટે ફાયરની સુવિધા હોવી અત્યંત જરૂરી છે. જો આ શાળાઓમાં ફાયર સેફટી નહીં હોય તો હાઈકોર્ટ આ શાળાઓની મંજૂરી રદ કરશે.'

આ રીતે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને ફાયર સેફટીના અભાવને લઈને મોટી ફટકાર લગાવી છે. આ સાથે હાઈકોર્ટે જણાવ્યું કે, 'ગુજરાત સરકાર રાજ્યની સ્કૂલોમાં ફાયર સેફટી અંગે હરિયાણા મોડેલ અપનાવે. આ સાથે જ હોસ્પિટલોમાં ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ અંગે પણ રાજ્ય સરકાર ત્વરિત નિર્ણય કરે.' અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગ બાદ કરવામાં આવેલી જાહેર હિતની અરજી મામલે ચાલી રહેલી સુનાવણીમાં હાઈકોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં સતત બની રહેલી આગની દુર્ઘટનાઓ મામલે થયેલી અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે સરકારને સળગતા સવાલો કર્યા હતાં. સમગ્ર ગુજરાતમાં અનેક એવી આગની ઘટનાઓ બની છે જેમાં માસૂમોના જીવ ગયા છે ત્યારે આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવો ઘાટ ઘડાય છે. ત્યારે ફાયર સેફટીના અમલીકરણ માટે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી અરજી પર સુનવણીમાં હાઈકોર્ટે સરકારને અનેક વેધક સવાલો કર્યા હતાં.

# અમદાવાદમાં પ્રોપર્ટી ટેક્સ ન ભરનારા સામે તંત્રએ કરી લાલ આંખ




અમદાવાદ,તા.૪

શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પુરી થતા જ હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાકી મિલકતવેરાની ભરપાઈ કરવામાં ના આવતી હોવાથી અને બાકી કરવેરા વસૂલવા પ્રોપર્ટી સીલ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનના ટેક્સ વિભાગ દ્વારા ડ્રાઈવ- ઈન સિનેમા રોડ, ગુરુકુળ રોડ, બોડકદેવની ૪૯ અને પશ્ચિમ ઝોનના નવરંગપુરા, પાલડી વિસ્તારમાં આવેલી ૧૪૧ મળીને ૧૯૦ જેટલી મિલકતોને સીલ કરી દેવામાં આવી છે. ડ્રાઈવ ઈન રોડ, બોડકદેવ રોડ પર આવેલા સિગ્મા ૨, યશ કોમ્પ્લેકસ, ગેલેક્સિ બજારની ૧૨ મિલકતો, હેલ્મેટ સર્કલ રોડ પર રુદ્ર આરકેડ અને કાઈરોસની ૧૭ મિલકતો, ગુરુકુળ રોડ પર ઓક્સફર્ડ ટાવર, શાંતમ કોમ્પ્લેકસની ૯ મિલકતો અને એસજી હાઈવે પર સુમેલ ૨, પટેલ એવન્યુ, રુદ્ર કોમ્પ્લેક્સની ૧૧ મિલકતોની સિલ કરવામાં આવી છે. આ સાથે જ પશ્ચિમ ઝોનમાં પણ ટેક્સ વિભાગ દ્વારા મિલકત વેરો ન ભરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પાલડી, ચાંદખેડા, મીઠાખળી, નવરંગપુરા, સાબરમતી, નવા વાડજ, વાડજ સહિતના વિસ્તારમાં આવેલી કુલ ૧૪૧ જેટલી મિલકતોને ટેક્સ વિભાગ સિલ મારવામાં આવી છે અને આગામી દિવસોમાં આ સિલિગ ઝુંબેશ વધુ સઘન કરાશે.

## રિક્ષા ચાલકની બેદરકારી, પિતા–પુત્રની ધરપકડ

# ટ્યૂશન ક્લાસમાં જતા એક બાળકનું મોત, એક ગંભીર રીતે ઘાયલ

અમદાવાદ,તા.૪

શહેરના ખોખરા વિસ્તારમાં બનેલી ઘટના તમામ માતા પિતા માટે ચેતવણી રૂપ કિસ્સો છે. ટ્યુશન ક્લાસમાં જતા એક બાળકનુ મોત અને અન્ય એકને ગંભીર ઈજા પહોંચી છે. જેમા રિક્ષા ચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. જે અંગે પોલીસે ગુનો નોંધી પિતા પુત્રની ધરપકડ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદની ખોખરા પોલીસે અક્ષય રાજપુત અને પિતા મનોજ રાજપુતની ધરપકડ કરી છે. બન્ને આરોપીએ ગંભીર બેદરકારી દાખવતા એક બાળકે જીવ ગુમાવ્યો છે, તો અન્ય બાળક ગંભીર રીતે ઘાયલ થયો છે. બનાવની વિગત વાર વાત કરીએ તો, ૨૬ જાન્યુઆરીના દિવસે મણીનગર દક્ષિણી રેલ્વે લાઈન પાસેથી ધોરણ ૧૦મા અભ્યાસ કરતા બે બાળકો ટ્રેનની અડફેડે આવ્યા હતા. જેમા તનિષ્ક નામના વિદ્યાર્થીનુ મોત થયુ હતુ. જોકે તેના મિત્ર સંયમને ગંભીર ઈજા પહોચી હતી. જે બનાવમા બન્ને પિતા પુત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. રિક્ષાચાલક પિતા મનોજભાઈ રાજપુત રિક્ષામા વધુ બાળકો હોવાથી પોલીસ તેમને દંડ ન કરે તે માટે બાળકોને ચાલતા રેલ્વે ક્રોસ કરાવતા હોવાનુ પોલીસ તપાસમા સામે આવ્યુ છે. જે અંગે ખોખરા પોલીસે પિતા પુત્ર અને અન્ય એક રિક્ષાચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૨૬ તારીખે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ કરતા સંયમ નામના બાળકની પુછપરછમા આ હકિકત સામે આવી હતી. ઉપરાંત ફરિયાદી સંજય સુરાણાએ ફરિયાદ નોંધાવી છે કે, ખાનગી ટ્યુશન કલાસ ચલાવતા અક્ષય રાજપુતે પોતાના ટ્યુશન ક્લાસમાં આવવા જવા માટે પોતાના પિતા મનોજભાઈની રિક્ષા રાખવા માટે દબાણ કર્યુ હતુ, જેના દર મહિને ૮૦૦ રૂપિયા ભાડા પેટે ચૂકવવામાં આવતા હતા. જોકે મનોજભાઈ પોતાની રીક્ષામા ૩ની જગ્યાએ ૬ બાળકો બેસાડતાં હતા અને પોલીસ રિક્ષા ડીટેઈન ન કરે કે પછી દંડ ન આપે તે માટે બાળકોને ચાલતા રેલ્વે લાઈન ક્રોસ કરવા માટે મજબુર કરતા હતા.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.